ક્રમાંકઃ– હિ.૨/નિભાવ અનુદાન/ કન્યાઓની ફી/પ્રથમસત્ર/૨૦૧૭–૧૮/૬૯૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખઃ–૧૯/૦૩/૨૦૧૮

વંચાણે લીધો :– ૧. સંયુકત શિક્ષણ નિયામક (માધ્ય.), નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગરના પત્રક્રમાંકઃ ધ/માધ્ય/મા.૧/ગ્રાન્ટ/નિ.ગ્રા.–ફી વિકલ્પ/૨૦૧૮/ ૨૩૫૧–૮૨, તા.૩૧/૧/૨૦૧૮

૨. કમિ.શ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંકઃન/કમભોયોશા/ માધ્ય/નિભાવગ્રાન્ટ/વશી/૨૦૦૩–૦૪/૨૭૦૩–૨૭૨૮, તા.૨/૭/૨૦૦૩

૩. નોંધ ઉપર થયેલ નિર્ણય.

**કચેરી આદેશ**

**વંચાણે લીધા ક્રમ–૧** થી સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક), નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગરના તા.૩૧/૧/૨૦૧૮ ના આદેશથી આ કચેરીને હવાલે **રૂા.૩૮,૮૫,૦૦૦/–(અંકે રૂપિયા આડત્રીસ લાખ પંચ્યાસી હજાર)** પુરા નિભાવ અનુદાન ફાળવવામાં આવેલ છે.

**વંચાણે લીધા ક્રમ–૨** થી નિભાવ ગ્રાન્ટની રકમનું ચુકવણું ચેકથી કરવા અપાયેલ સુચના અનુસાર પ્રથમસત્રની ફીના ગ્રાન્ટના ચેકો શાળા / સંચાલક મંડળને ચુકવી આપવા જણાવેલ છે.

**વંચાણે લીધા ક્રમ–૩** થી નોંધ ઉપર થયેલ નિર્ણય મુજબ આ સાથે સામેલ રાખેલ બિનઆદિજાતિ વિસ્તારની શાળાઓને ગ્રાન્ટેડ ફી વિકલ્પવાળી શાળાઓને **પ્રથમ સત્ર** પેટે નિભાવ અનુદાન ગ્રાન્ટ કુલ **રૂા.૨૫,૭૭,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ સીત્તોતેર હજાર)** પુરા મંજુર કરવામાં આવેલ તે પૈકી નિભાવ અનુદાન ગ્રાન્ટ લેતી ક્રમનં. ૧ થી ૧૫ વાળી શાળાઓને **રૂા.૨૫,૭૬,૧૩૫/–** (અંકે રૂપિયા પચ્ચીસ લાખ છોત્તેર હજાર એકસો પાંત્રીસ ) પુરા નીચેની શરતોને આધિન ચેકથી ફાળવવા આથી આદેશ કરવામાં આવે છે.

**શ ર તો** :–

(૧) આ યોજના જુન–૨૦૧૭ થી શરુ થનાર શૈક્ષણિક સત્રથી લાગુ પડશે.

(૨) આ યોજનાનો લાભ રાજય સરકારે રાજયના સહાયક અનુદાન(ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ(કન્યાઓ)ને મળશે.

(૩) રાજય સરકાર રાજયના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ થી ૧૨ માં અભ્યાસ કરતી કોઈપણ વિદ્યાર્થીની (કન્યાઓ) પાસેથી કોઈપણ પ્રકારની ફી લઈ શકશે નહી.

(૪) અત્રેના જિલ્લાની શાળાઓમાં ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) ની સંખ્યા પ્રથમ શૈક્ષણિક સત્ર માટે તા.૩૦ સપ્ટેમ્બરની સ્થિતિએ તા.૧૫ મી ઓકટોબર સુધીમાં અને બીજા સત્ર માટે તા.૩૧ ઓકટોબરની સ્થિતિએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, પાલનપુર ખાતે મોકલી આપવાની રહેશે અને આ સંખ્યાના આધારે પ્રથમ અને બીજા સત્રના અંતે ફીની ગણતરી કરી શાળાની ફીની રકમ ભરપાઈ કરી આપવામાં આવશે.

જો કે બીજા સત્રના અંતે ચુકવણી કરતા સમયે વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) ની દરેક માસની સરેરાશ સંખ્યાને ધ્યાને લઈને ચુકવણી કરવાની રહેશે. આ બાબતે જો પ્રથમ સત્રમાં માસવાર સરેરાશ સંખ્યા કરતા વધારે કે ઓછી રકમની ચુકવણી થઈ હશે તો બીજા સત્રના અંતે આ હિસાબ સરભર કરી તફાવતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૫) માત્ર નિભાવગ્રાન્ટ લેતી શાળાઓને વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) ની ફીની રકમ સરભર કરી ગ્રાન્ટ સ્વરુપે આપવામાં આવશે જયારે ફી વિકલ્પવાળી શાળાઓને ગ્રાન્ટ સ્વરુપે ભરપાઈ કરી આપવામાં આવશે.

(૬) ફીની રકમ સરભર કરવા કે ફીની રકમ ભરપાઈ કરી આપવા સિવાય અન્ય કોઈ હેતુસર આ જોગવાઈ હેઠળ ફાળવવામાં આવેલ રકમનો ખર્ચ કરી શકાશે નહીં.

(૭) રાજયના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) માટે વિદ્યાર્થીની દીઠ જે ફી નકકી કરે તે પ્રવર્તમાન દરની મર્યાદામાં જ વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) ની ફી જ સંસ્થાઓને મજરે આપવાની રહેશે.

તેમ છતાં કોઈ સંસ્થા સરકાર ધ્વારા નિયત થયેલ દર કરતાં કન્યા માટે ઓછી ફી વસુલતી હોય તો ખરેખર વસુલવામાં આવતી ફી મુજબ મજરે આપવાની રહેશે.

(૮) રાજય સરકાર રાજયના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) પાસેથી કોઈપણ પ્રકારની ફી કોઈપણ સ્વરૂપે લેવાના સંજોગોમાં તે શાળાની ગ્રાન્ટ કાપી લઈ શાળાની નોધણી રદ કરવા/ શાળાનો વહીવટ સરકાર હસ્તક લેવા સુધીના પગલાં લેવામાં આવશે.

આ અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષમાં નીચે જણાવેલ બજેટ સદરે પાડવાનો રહેશે.

**ઈડીએન–૧૮**

**માંગણીનં.૯** **પ્લાન, (આયોજન)**

મુખ્ય સદર : ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ – ૦૨ – માધ્યમિક શિક્ષણ – ૧૧૦ – બિન સરકારી માધ્યમિક શાળાઓની સહાય – ૦૧– બિન સરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ **(૨૨૦૨–૦૨–૧૧૦–૦૧)**

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
કોડ નં. ૩૫

પ્રતિ,
સબંધીત શાળાના આચાર્યશ્રીઓ તરફ.

નકલ સવિનય રવાના :– ૧: જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર
૨: એડી.એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ–૩, એનેક્ષી ગ્રુપ, રાજકોટ
૩: કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગર

ન આદિજાતિ વિસ્તાર (પ્રથમ સત્ર) ગ્રાન્ટેડ ફી વિકલ્પવાળી શાળાઓને વિદ્યાર્થીનીઓને વિનામુલ્ય શિક્ષણ માટે ગ્રાન્ટની ફાળવણી દર્શાવતું પત્રક

| ક્રમ | શાળાનું નામ | શાળાને ચુકવવાપાત્ર કુલ રકમ રૂ. |
|---|---|---|
| | **ફી વિકલ્પવાળી શાળાઓ** | |
| 1 | દોશી એન.જે.આદર્શ હાઈ. ડીસા | 251890.00 |
| 2 | સરદાર પટેલ હાઈ.ડીસા | 141090.00 |
| 3 | સેંટ ઝેવિયર્સ હાઈ. ડીસા | 62810.00 |
| 4 | વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર | 195480.00 |
| 5 | સી.બી.ગાંધી નૂતન હાઈ.પાલનપુર | 156225.00 |
| 6 | વી.આર.વિદ્યાલય, પાલનપુર | 229005.00 |
| 7 | એમ.બી.કર્ણાવત હાઈ. પાલનપુર | 117025.00 |
| 8 | શ્રીમતી એમ.એમ.મહેતા અં.મીડી. મા.શાળા, પાલનપુર | 70055.00 |
| 9 | કે.કે.ગોઠી સ્વસ્તિક ઉ.મા.શાળા, પાલનપુર | 250510.00 |
| 10 | એસ.કે.એમ.હાઈસ્કૂલ, કાણોદર | 241615.00 |
| 11 | શ્રીમતી એસ.કે.મહેતા હાઈસ્કુલ, જગાણા | 103385.00 |
| 12 | શારદાશિષ હાઈસ્કૂલ, છાપી | 262025.00 |
| 13 | એચ.વી.વાલાણી હાઈ. ભીલડી | 128910.00 |
| 14 | એમ.ડી.સોમાણી હાઈ. ચંડીસર | 150315.00 |
| 15 | આદર્શ ઉ.મા.શાળા, ભાભર | 215795.00 |
| | **કુલ સરવાળો** | **2576135.00** |

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
કોડ નં. ૩૫